ગુજરાત વિદ્યુત બોર્ડના કર્મચારીઓ/ અધિકારીઓને તેમની ફરજની રુએ, સરકારી કર્મચારી સમકક્ષ ગણી તેમની ફરજ તરીકેની કામગીરીને કાયદાકિય રક્ષણ આપવા.

ગૃહ વિભાગ,
ગુજરાત સરકાર,
૨,સરદાર ભવન, ૨જો માળ,
સચિવાલય, ગાંધીનગર.
પરિપત્ર ક્રમાંક: પરચ-૨૯૮૯-ઓડી-૩૨-ડ,
તારીખ: 17 JUL 1989

પ રિ પ ત્ર

સરકારશ્રીના લક્ષ ઉપર એવી હકિકત લાવવામાં આવી છે કે ગુજરાત વિદ્યુત બોર્ડના અધિકારીઓ/ કર્મચારીઓ, તેમની ફરજની કામગીરી માટે ખાનગી પ્લોટો કે ખેતરોમાં જાય છે ત્યારે તેઓની સામે બિનઅધિકૃત પ્રવેશ ( Tresspass) અંગે પોલીસ સ્ટેશનોમાં ફરીયાદો કરવામાં આવે છે. આ ફરીયાદોને આધારે પોલીસના કર્મચારીઓને અટકમાં લઈ તેઓની સામે ફોજદારી કાર્યવાહી કરે છે. પોલીસની આ કાર્યવાહી બરાબર નથી. અને નિયમો વિરુધ્ધની છે.

આ બાબતમાં કાયદાકીય નિયમો સ્પષ્ટ છે. ગુજરાત વિદ્યુત બોર્ડના કર્મચારીઓ/ અધિકારીઓ પબ્લીક સર્વન્ટસ ( સરકારી કર્મચારીઓ ) છે. વિશેષમાં ઈલેકટ્રીક સપ્લાય એકટ ૧૯૪૮ ના શેકશન ૮૧ હેઠળ ગુજરાત વિદ્યુત બોર્ડના કર્મચારીઓ તેમની ફરજની રુએ કામગીરી બજાવતા હોય ત્યારે પબ્લિક સર્વન્ટ તરીકે ગણાય છે અને ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટના શેકશન ૫૬ હેઠળ તથા ઈલેકટ્રીક સપ્લાય એકટ ૧૯૪૮ ના કલમ ૮૨ હેઠળ ગુજરાત વિદ્યુત બોર્ડના કર્મચારીઓ સામે તેઓને ફરજ તરીકે બજાવેલી કામગીરી માટે કાનુની કે ફોજદારી કાર્યવાહી થઈ શકતી નથી. આ કર્મચારી/ અધિકારીઓ વિરુધ્ધ કાયદાકીય કાર્યવાહી શરુ કરતાં પહેલાં ક્રીમિનલ પ્રોસીજર કોડની કલમ: ૧૯૭ મુજબ રાજય ~~સરકારની~~ શાસનની પૂર્વમંજુરીની આવશ્યકતા છે.

આથી સર્વે પોલીસ અધિકારીઓને સુચના આપવામાં આવે છે કે, તેઓ ગુજરાત વિદ્યુત બોર્ડના કર્મચારીઓને ઉપર દર્શાવેલ કાનુની રક્ષણની જોગવાઈઓ સર્વે જીલ્લા પોલીસ અધિકારીઓ અને તેમના નિયંત્રણ હેઠળના પોલીસ સ્ટેશનના અધિકારીઓના ધ્યાન ઉપર લાવે અને તેનો ચુસ્તપણે પાલન થાય તેની ખાસ કાળજી રાખે.

( એન.કે.ધોળકીયા )
ઉપસચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિ,

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
વિશેષ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, સીઆઈડી (ક્રાઈમ અને રેલ્વેઝ) ગુ.રા. અમદાવાદ.
સર્વે નાયબ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ/વડોદરા/રાજકોટ/જુનાગઢ વિભાગ.
સર્વે જીલ્લા પોલીસ અધિકારીશ્રી.

નકલ રવાના:

૧. અધિક મુખ્ય સચિવશ્રી,
ઉદ્યોગ ખાણ અને વિજળી વિભાગ,
ગાંધીનગર.

૨. ચેરમેનશ્રી,
ગુજરાત વિદ્યુત બોર્ડ, વડોદરા.

૩. મેમ્બર (વહિવટ), ગુજરાત વિદ્યુતબોર્ડ, વડોદરા.

૪. શ્રી જે.આર.આહીર,
ડાયરેક્ટર ઓફ સીક્યુરીટી, ગુજરાત વિદ્યુતબોર્ડ, વડોદરા.

સિલેક્ટ ફાઈલ

એચ.પટેલ-૨૭૬ સ્ટેન.